| | | | | |
|---|---|---|---|---|
| રજુ તારીખ | : | ૨૬/૧૨/૨૦૨૫ | | |
| દાખલ તારીખ | : | ૨૬/૧૨/૨૦૨૫ | | |
| ફેંસલ તારીખ | : | ૧૦/૦૪/૨૦૨૬ | | |
| અવધિ | : | વર્ષ | માસ | દિવસ |
| | | | | |

==========================================

## જુનાગઢનાં મહેરબાન સેશન્સ જજશ્રીની અદાલતમાં,
## મું: જુનાગઢ

==========================================

**<u>ક્રિમિનલ અપીલ નંબર :– ૧૬૨/૨૦૨૫</u>**
**આંક –**

**અરજદાર :–**

**મનોજ ટ્રેડીગ કંપની નામની પેઢીના પ્રોપરાઈટર**
**મનોજકુમાર શનાભાઈ પ્રજાપતિ,**
**ઉ.વ.આ.૪૦, ધંધો–વેપાર,**
**ઠે. મકાન નં. ૮૬, સુર્યકેતુ ટાઉનશીપ સોસાયટી,**
**નહેરૂ ચોકડી, મહાદેવ રોડ(ઉ) મુ. દહેગામ**
**જિ. ગાંધીનગર :::::::::::::::::::::::::::::::::::::::::<u>–વિવાદી</u>**
**<u>(મુળ આરોપી)</u>**

**<u>વિ રુ દ્ધ</u>**

**સામાવાળા :–**
**(૧) સ્વસ્તીક પ્રોટીન્સ નામની ભાગીદારી પેઢીના વહીવટકર્તા ભાગીદાર**
ચુનિભાઇ રવજીભાઇ રાખોલીયા
ઉ.વ.આ.૬૦, ધંધો–વેપાર,
ઠે. સ્વિસ્તક પ્રોટીન્સ, જય ભવાની ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ,
સાબલપુર, જુનાગઢ

(૨) **ગુજરાત સરકાર વતી એ.પી.પી.શ્રી**
**જુનાગઢ :::::::::::::::::::::::<u>પ્રતિવિવાદી</u>(મુળ ફરીયાદી)**

**અપીલ : ક્રિ.પ્રો.કોડની કલમ–૩૭૪ મુજબ ફોજદારી કેસ નં.૨૬૮૮/૨૦૧૭ ના કામે તા. ૨૬–૧૧–૨૦૨૫ ના રોજ થયેલ સજાના હુકમ સામે અપીલ**

| |
|---|
| વિવાદી તરફે વિ. વકીલ શ્રી કે.એસ.બેરીચાંગર<br>સામાવાળા નં. ૧/ફરીયાદી તરફે વિ. વકીલ શ્રી ડી.ડી.રૂપારેલીયા<br>સામાવાળા નં.૨ /સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી એમ.પી.વાઘેલા. |

## :: ઠ રા વ ::

(૧) આ કામમાં સરળતા ખાતર પક્ષકારોને મુળ કેસમાં જે રીતે ફરીયાદી કે આરોપી હતાં તે રીતે ઉલ્લેખવામાં આવેલ છે.

**(૨) ફરીયાદપક્ષની હકીકત :–**

ફરીયાદની હકીકત નીચે મુજબ છે,

''**૨.૧** અમો ફરીયાદી રજીસ્ટર થયેલ ભાગીદારી પેઢી છે. આ પેઢી 'સ્વસ્તીક પ્રોટીન્સ' ના નામથી જૂનાગઢમાં ઉપર જણાવેલ સ્થળે ચણાનો લોટ તૈયાર કરીને તેનું "સ્વસ્તીક પ્રોટીન્સ' ના બ્રાન્ડથી જથ્થાબંધ વેંચાણ કરવાનો ધંધો કરીએ છીએ. ફરીયાદી પેઢીના વહીવટકર્તા ભાગીદાર દરજજે અમો ભાગીદાર ચુનીલાલ રવજીભાઈ રાખોલીયાને હાલની આ ફરીયાદ કરવા તથા ચલાવવાના અધિકાર છે.

**૨.૨** આ કામના આરોપી "મનોજ ટ્રેડીંગ કું. નામની પેઢીના પ્રોપ્રાઈટર છે અને કરીયાણાની ચીજવસ્તુઓનું વેંચાણ કરે છે અને ચણાના લોટનું ફરસાણના વેપારીઓને જથ્થાબંધ તથા છુટક ગ્રાહકોને વેંચાણ પણ કરે છે.

**૨.3** આ કામના આરોપી અમો ફરીયાદી સ્વસ્તીક પ્રોટીન્સની પેઢી પાસેથી ચણાનો લોટ રોકડેથી તેમજ ઉધાર – ખાતુ રખાવી માલની ખરીદી કરતા હતા. અમો ફરીયાદી આરોપી દ્વારા ઉધાર તથા રોકડેથી ખરીદ કરવામાં આવેલ માલની ધંધાના સામાન્ય ક્રમમાં રખાતા બુક ઓફ એકાઉન્ટ મુજબ હિસાબોની નોંધ ખાતાવહીમાં પેઢીનું ખાતુ રાખી કરતા હતા. જેમાં આરોપી દ્વારા ખરીદાયેલ માલ, મળેલ રોકડ તથા ચેક દ્વારા કરેલ ચુકવણાની નોંધ રાખવામાં આવતી.

**૨.૪** આ કામના આરોપી પાસે અમો ફરીયાદીએ આરોપીના ખાતામાં બાકી રહેતી રકમની ઉઘરાણી કરતા આરોપીએ છેલ્લે ત્રણ વખત નીચે મુજબની રકમ અમોને ચુકવેલ.

| તારીખ | રકમ રૂ. |
|---|---|
| ૦૭–૦૧–૨૦૧૬ | રૂ. ૫,૦૦૦/– |
| ૦૮–૦૨–૨૦૧૬ | રૂ. ૫,૦૦૦/– |
| ૧૩–૦૬–૨૦૧૬ | રૂ. ૫,૦૦૦/– |

આ કામના આરોપીએ ઉપર મુજબની રકમ અમો ફરીયાદીએ આરોપીના રાખેલ ખાતામાં બાકી રહેતી રકમ ચુકવેલ. આ અગાઉ પણ આરોપીએ અમુક રકમ અમો ફરીયાદીએ આરોપીના રાખેલ ખાતામાં બાકી રહેતી રકમ પેટે ચુકવેલ હતી. ઉપરોક્ત રૂા. ૧૫,૦૦૦/– અંકે રૂપિયા પંદર હજાર પુરાની રકમ ચુકવ્યા બાદથી કોઈ રકમ આરોપીએ ચુકવેલ નહી. અમોએ અવાર નવાર ઉઘરાણી કરતા આ કામના આરોપી બે માસ અગાઉ અમો ફરીયાદીની જૂનાગઢ મુકામેની પેઢીએ આવેલા અને અમો ફરીયાદીની બાકી રહેતી અમારી લ્હેણી રકમ તથા વેપારી શીરસ્તા અને રિત રસમ મુજબ તથા પક્ષકારો વચ્ચે નક્કી થયા મુજબ ઉધાર ખરીદી ઉપર વ્યાજની ગણતરી કરી હિસાબ સમજી તમામ બાકી રહેતી રકમ રૂા. ૪,૪૦,૯૬૧/– અંકે રૂપિયા ચાર લાખ ચાલીસ હજાર નવસો એકસાઈઠ પુરા આરોપી પાસે અમો ફરીયાદીના લ્હેણા હોવા અંગેનો સાથે બેસી હિસાબ કરેલ અને ઉપરોક્ત બાકીની રકમ અમો ફરીયાદીને ચેક દ્વારા ચુકવણું કરવા અમો ફરીયાદીને આરોપી મનોજ ટ્રેડીંગ કાં. ના પ્રોપ્રાઈટર હોય, તેના પ્રોપ્રાઈટર તરીકે તેમની બેંક 'કેનેરા બેંક', દેહગામ શાખાનો તેમના એકાઉન્ટ નંબર– ૩૪૨૪૨૦૧૦૦૦૧૪૪૪ નો ચેક નંબર–૦૦૧૮૦૩ નો તારીખ – ૧૮/૦૯/૨૦૧૭ ની તારીખ નો રૂા. ૪,૪૦,૯૬૧/– અંકે રૂપિયા ચાર લાખ ચાલીસ હજાર નવસો એકસાઈઠ પુરાનો એક ચેક જૂનાગઢ મુકામે અમો ફરીયાદીના ધંધાના સ્થળે આપેલો અને અમો ફરીયાદીને એવો વચન, વિશ્વાસ અને ખાત્રી આપેલ કે, સદરહું ચેક બેન્ક સમક્ષ રજુ કર્યેથી કે ભર્યેથી આરોપીની બેન્ક સદરહું ચેકની રકમ કેશ કરી આપશે. અમો ફરીયાદીએ આરોપી ઉપર વિશ્વાસ રાખી ઉપરોક્ત ચેક આરોપીની બાકી રહેતી રકમ મેળવવા સ્વીકારેલ. આ કામના આરોપીએ ઉધાર ખરીદ કરેલ માલના ચુકવણા પેટે આપેલ ઉપરોક્ત ચેક અમો ફરીયાદીએ અમારી વેંચાણ કિંમત પેટેની રકમ મળી જશે તેવી ખાત્રી અને આરોપી એ આપેલ વચન વિશ્વાસથી સ્વીકારેલ.

**૨.૫** અમો ફરીયાદીએ આ કામના આરોપીએ આપેલ સદરહું ઉપરોક્ત ચેક તારીખ ૧૮/૦૯/૨૦૧૭ ના રોજ અમો ફરીયાદીની બેન્ક એચ. ડી. એફ. સી. બેન્ક, જૂનાગઢ શાખામાં વટાવવા – કેશ થવા અમો ફરીયાદીના ખાતામાં જમા કરાવતા સદરહું ચેક તારીખ ૧૯/૦૯/૨૦૧૭ ના રોજ અપુરતા ભંડોળના શેરાથી પરત ફરેલ. જેની જાણ અમો ફરીયાદીને તારીખ – ૨૦/૦૯/૨૦૧૭ ના રોજ અમારી બેન્ક દ્વારા થયેલ.

**૨.૬** આ કામના આરોપીએ આપેલ સદરહું ઉપરોક્ત ચેક ઉપરોક્ત વિગતોએ પરત ફરતા અમો ફરીયાદીએ અમારા એડવોકેટ મારફત મુજબના ચેક 'ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ' ની જોગવાઈ મુજબ આરોપીને તા. ૦૪/૧૦/૨૦૧૭ ના રોજ આરોપીને વૈધાનિક નોટીસ આપેલી. જે નોટીસ આરોપીને તારીખ ૦૬/૧૦/૨૦૧૭ ના અરસામાં બજી ગયેલ છે.

**૨.૭** આ કામના આરોપીને આપેલ વૈદ્યાનિક નોટીસ આરોપીને તા. ૦૬/૧૦/૨૦૧૭ ના અરસામાં બજી ગયેલ હોવા છતા આજદિન સુધી અમોને કોઈપણ રકમ ચુકવેલ નથી. આરોપીનો ઈરાદો પ્રથમથી જ અમોને આપેલ ચેકની રકમ ચુકવવાનો નથી અને ખોટો અને ગેરરસ્તે દોરતો નોટીસનો જવાબ આપેલ હોય, હાલની આ ફરીયાદ દાખલ કરવાની ફરજ પડેલ છે.'' તેમ જણાવી અરજી પેરા–૯(એ) તથા (બી) મુજબની અરજ કરેલ છે.

**(૩) ટ્રાયલ કોર્ટે હાથ ધરેલી પ્રક્રિયાઃ–**

રેકર્ડ જોતાં વિ.બીજા જયુડીશીયલ મેજીસ્ટ્રેટ શ્રી – જુનાગઢનાએ આરોપી સામે સી.આર.પી.સી.ની કલમ–૨૦૪ હેઠળ ઊપર ચર્ચા કર્યા મુજબનાં ગુન્હાઓનો કોગ્નીઝન્સ લીધા બાદ સમન્સ કાઢયાનું અને ત્યારબાદ આરોપીને સી.આર.પી.સી. ની કલમ–૨૦૭ હેઠળ જરૂરી દસ્તાવેજોની નકલો પુરી પાડયાનું જણાય આવે છે અને આરોપીની પ્લી લીધા બાદ આરોપીએ ગુનો કબુલ ન કરતાં, આરોપી સામે ઈન્સાફી કાર્યવાહી હાથ ધરેલી છે અને રેકર્ડ જોતાં નીચે મુજબનાં પુરાવા નીચેની અદાલતે રેકર્ડ કરેલાં છે.

**(૩.૧) મૌખિક પુરાવા :**

| ક્રમ | સાહેદ | આંક |
|---|---|---|
| (૧) | ફરિયાદી પેઢીના ભાગીદાર વહીવટકર્તા દરજજે ચુનિભાઈ રવજીભાઈ રાખોલીયાના પુરાવાનું સોગંદનામુ. | ૦૫ |

**(૩.૨) <u>દસ્તાવેજી પુરાવોઃ–</u>**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| (૧) | આરોપીએ ફરીયાદીને આપેલ વાદગ્રસ્ત ચેક નં. ૦૦૧૮૦૩ | ૦૬ |
| (૨) | સદર ચેક પરત ફર્યાની જાણ કરતો એચ.ડી.એફ.સી. બેન્કનો રીટર્ન મેમો | ૦૭ |
| (૩) | ફરીયાદીએ આરોપીને વકીલશ્રી મારફત આપેલ નોટિસ | ૦૮ |
| (૪) | આરોપીને રજી. એ.ડી. પોસ્ટથી નોટિસ મોકલ્યાની પહોંચ | ૦૯ |
| (૫) | આરોપીને નોટિસ બજી ગયાની પોસ્ટ ખાતાની એકનોલજમેન્ટ | ૧૦ |
| (૬) | ફરીયાદી પેઢીનો ભાગીદારી દસ્તાવેજ | ૧૧ |
| (૭) | ફરીયાદી પેઢી રજીસ્ટર ઓફ ફર્મ્સમાં નોંધાયેલ હોવાનું પ્રમાણપત્રની નકલ | ૧૨ |

| | | |
|---|---|---|
| (૮) | ફરીયાદી પેઢીમાં આરોપી પેઢીનું આવેલ લેજર એકાઉન્ટ સ્ટેટમેન્ટ | ૧૩ |
| (૯) | ફરીયાદીને ભાગીદાર પેઢી વતી ફરીયાદ કરવા માટે આપેલ જનરલ પાવર ઓફ એટર્ની | ૧૪ |
| (૧૦) | કલોઝીંગ પુરશીસ | ૩૨ |

## (૪) અપીલની હકિકતઃ –

અપીલ મેમોમાં એપેલન્ટ/અરજદાર તરફે મુખ્યત્વે એવી હકિકત જણાવેલ છે કે,

''**૪.૧** નામદાર નીચેની અદાલતનો હુકમ કાયદા તથા હકીકતોની ક્ષતીવાળો હોય રદ થવાને પાત્ર છે.

**૪.૨** નામદાર નીચેની અદાલત સમક્ષ રજુ થયેલ ફરીયાદીનો પુરાવો જોતા એપેલન્ટ/આરોપીએ કહેવાતા કાયદેસરના નાણા પેટેનો ચેક હતો કે કેમ? શેના માટે અને કયા કારણસર આપેલ છે તે અંગેનો કોઈ સ્પષ્ટ પુરાવો રજુ કરવામાં નિષ્ફળ ગયેલ છે. જયારે આરોપી તરફે એવો પુરાવો રજુ કરવામાં આવેલ છે કે, ખરેખર આ વિવાદી ચેક વટાવવાનો જ ન હતો અને હાલના ફરીયાદી પોતે હાલના અરજદાર પાસે કેટલી રકમ માગે છે અને કેટલી વસુલવા હકકદાર છે, કે સીવીલ રાહે રેમેડી માંગવા હકકદાર છે કે કેમ? જો હોય તો આ કાર્યવાહી બાદ જ હાલના ચેક અંગે કોઈ કાર્યવાહી કરવાની થાય છે કે કેમ? તે અંગે હાલના અરજદારને કોઈ તક આપવામાં આવેલ નથી. પુરતી તક માટે પર્યાપ્ત ઉપાયો નામદાર કોર્ટે ઉપલબ્ધ કરાવેલ જ નથી. તે અંગે કોઈ સ્પષ્ટ કારણ આપેલ નથી.

**૪.૩** મૂળ ફરીયાદીએ હકીકતમાં ફરીયાદમાં જણાવ્યા મુજબનો માલ આરોપીને આપેલ કે કેમ અને આપેલ માલના બદલામાં આરોપીએ અગાઉ મૂળ ફરીયાદીને કેટલી રકમ ચુકવી આપેલ અને હકીકતમાં કાયદેસરની બાકી લેણી રકમ મુજબનો ચેક છે કે કેમ તેનો કોઈ પુરાવો નામદાર કોર્ટમાં રજુ રાખેલ નથી.

**૪.૪** ફરીયાદીનુ કાયદેસરનુ પેમેન્ટ હોય શકે તેવુ ફકત અનુમાન ધ્યાને લઈને ઈન્સ્ટ્રુમેન્ટ તેમના કબજે હોવાના એક માત્ર આધારે પુરવાર માની લઈને એક તરફી કેસ ચલાવીને પુર્વગ્રહ વાળુ માનસ રાખીને આમ, નામદાર નીચેની અદાલતે પુરાવાના મુલ્યાંકનની ગંભીર ક્ષતી કરેલ હોય થયેલ હુકમ રદ થવાને પાત્ર છે.

**૪.૫** નામદાર નીચેની અદાલતની સમક્ષ ફરીયાદ પક્ષે રજુ કરેલ દસ્તાવેજ અને પુરાવા પૈકી ઘણા દસ્તાવેજોના કાયદાકીય પ્રક્રિયા મુજબ તેમજ આર.બી.આઈ. ના રૂલ્સ અને રેગ્યુલેશન ના કન્ટેન્ટસ સાબીત કરાયા ન હોવા છતા, તેવા દસ્તાવેજોના પુરાવા તરીકે અને

તેમા આરોપીની ગુનાહીત જવાબદારી નકકી કરવા અંગે પુર્વગ્રહ થી અનુમાન કરીને નામદાર નીચેની અદાલતે ગંભીર પ્રકારની ક્ષતી કરેલ છે.

**૪.૬** ફરીયાદ પક્ષે પોતાના પુરાવામાં મહત્વની ઘણી હકીકતો અંગે સપ્રેશન ઓફ ફેકટ કરેલ છે તથા મૂળ ફરીયાદી ફરીયાદ સાથે વિથ કલીન હેન્ડ ન આવેલ હોવા છતા અને ફોજદારી પ્રક્રિયામાં પુરાવાની સાબીતીની ચુસ્તતાના નિયમ પ્રમાણે પુરાવો ન હોવા છતા નામદાર નીચેની અદાલતનું તારણ ફરીયાદની હકીકત સ્વીકારવા માટેના કારણો કાયદાનાં પ્રસ્થાપીત સિધ્ધાંતોથી વિરૂધ્ધનાં હોય, લેવામાં આવેલ નિર્ણય રદ થવાને પાત્ર છે.

**૪.૭** ધ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની જોગવાઈઓ મુજબ અનુમાન કરતા પહેલા કેટલો પુરાવો ફરીયાદીએ તમામ વ્યાજબી શંકાઓથી ઉપરવટ સાબીત કરવો જોઈએ આમ છતા, નામદાર નીચેની અદાલત સમક્ષના પુરાવામાં ફરીયાદ પક્ષ તરફથી આવી ગુણવત્તા વાળો પુરાવો રજુ થયેલ ન હોવા છતા, એપેલન્ટ/આરોપી વિરૂધ્ધ અનુમાન કરી નિર્ણય લઈ નામ. નીચેની અદાલતે કાયદાની ગંભીર ક્ષતી કરેલ છે.

**૪.૮** ધ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ની જોગવાઈઓ અંગે કાયદાનુ આમુખ જોતા, ગુનાહિત માનસથી કાયદેસરની લેણી રકમ ન ચુકવવાના આશયથી ચેકનો દુરઉપયોગ અટકાવવા ગુનાહીત જવાબદારી નિણીત કરવાની હોય, કહેવાતી રકમ આપેલ એક માત્ર વિગતને ધ્યાને રાખીને નામદાર કોર્ટમાં ખરી હકીકત જણાવ્યા વગર છુપાવીને એક તરફથી જાણ બહાર કેસ ચલાવી લઈને હુકમ કરાવી લીધેલ છે. આમ નામદાર નીચેની અદાલત સમક્ષનો પુરાવો જોતા મૂળ ફરીયાદીના કહેવાતા જણાવેલ રકમ મુજબની ચુકવણી પેટે કોઈ આધાર પુરાવો હોય અને હાલનો ચેક અપાયેલ હોય તેવો લેશમાત્ર પુરાવો ન હોવા છતા, નામ નીચેની અદાલતે પુરાવાનાં મુલ્યાંકન માં કાનુની ક્ષતી કરેલ હોય હુકમ રદ થવાને પાત્ર છે.

**૪.૯** નામદાર નીચેની અદાલતે પોતાના ઠરાવમાં આપેલા કારણો જોતા, તેમા હકીકત અને કાયદાની ગંભીર ક્ષતી કરેલ છે. રજુઆતો તેમજ રજુ રાખેલ પુરાવાનુ યોગ્ય મુલ્યાંકન કરેલ નથી તથા કાયદા મુજબ જે લાભ આરોપીને મળવો જોઈએ તે આપેલ ન હોય અને તદઉપરાંત પોતાના નિર્ણય માટેના સબળ કારણો પણ અદાલતે પોતાના ઠરાવમાં જણાવેલ નથી. આમ, એપેલન્ટ–આરોપી સામે કરવામાં આવેલ હુકમ રદ થવાને પાત્ર છે.

**૪.૧૦** ખાસ હકીકતો ઉપર ધ્યાન દોરવાનુ કે,

હાલના કામે આરોપી નામ.કોર્ટમાં હાજર થયેલ અને જામીન આપેલ બાદમાં સમન્સ બેઈલેબલ કે નોન બેઈલેબલ વોરંટ નીકળેલ નથી બાદમાં તા.૦૩/૦૯/૨૦૨૫ ના રોજ ઉલટતપાસ કરવાનો હકક બંધ કરવા અરજી આંક–૩૦ થી આપેલ તે બાદ ફરીયાદીએ એપેલન્ટ/આરોપી નો ફર્ધર સ્ટેટમેન્ટ નો હકક બંધ કરવા અરજી આંક–૩૪ થી આપેલ.

જેમાં નામદાર ટ્રાયલ કોર્ટે તા.૧૩/૧૦/૨૦૨૫ ના રોજ ફર્ધર સ્ટેટમેન્ટ નો હકક બંધ કરેલ તથા તે બાદ કોઈ સમન્સ કે વોરંટ ઈસ્યુ કરવામાં આવેલ નથી.

ફરી વોરંટ ઈસ્યુ કરવામાં આવેલ નથી કે વોરંટ બજી શકે છે કે કેમ તેની દરકાર લીધી નથી. અથવા ન્યાયીક સમયની રાહ જોયા વિના આરોપીને કોઈ જાણ વિંના એક તરફી આગળ કાય વાહી કરેલ. તે બાદ કોઈ સમન્સ કે વોરંટ ઈસ્યુ કરવામાં આવેલ નથી કે આરોપી પાસેથી સધ્ધર જામીન લીધા જ છે. જો આરોપી ના મળી આવે તો જામીનને બોલાવીને આરોપી હાજર રખાવવા માટે જાણ કરવી જોઈએ પરંતુ, જામીનને નોટિસ કરીને આરોપીને હાજર રાખવા કોઈ કાર્યવાહી કરેલ નથી. આમ આરોપી વિરૂધ્ધ ફરી વોરંટ ઈસ્યુ કરવામાં આવેલ નથી કે વોરંટ બજી શકે છે કે કેમ તેની દરકાર લીધી નથી અથવા ન્યાયીક સમયની રાહ જોયા વિના આરોપીને કોઈ જાણ વિંના એક તરફી આગળ કાયવાહી કરેલ છે.

તેમજ તા.૨૬/૧૧/૨૦૨૫ ના રોજ તકસીરવાન ઠરાવી નામદાર નીચેની અદાલતે આંક–૩૫ થી પોતાનો ઠરાવ તથા હુકમ આપી એપેલન્ટ/આરોપી ને તકસીરવાન ઠરાવી ૬ માસની સાદી કેદની સજા તથા રૂા. ૪,૪૦,૯૬૧/– નુ વળતર આરોપીને ચુકવવાનો હુકમ ફરમાવેલ છે અને જો આરોપી વળતરની રકમ ન ચુકવે તો વધુ ૧ માસ ની સાદી કેદની સજા ફરમાવવાનો હુકમ કરેલ છે. જે કાયદાની રીતે જરાપણ ટકવાને પાત્ર નથી. આમ એપેલન્ટને નિદોર્ષ છોડી દેવા અથવા કેસ ફરી રીકોલ કરી ચલાવવાનો હુકમ ફરમાવવો જોઈએ.'' તેમ જણાવી અપીલના પેરા–૭(અ) તથા (બ) મુજબ દાદ અપાવવા નમ્ર અરજ કરેલ છે.''

**સી.આર.પી.સી.ની ક. ૩૮૪ મુજબ અપીલ ડીસમીસ કરેલ નથી અને રેકર્ડ જોતાં સી.આર.પી.સી.ની ક. ૩૮૫ મુજબ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવેલી છે.**

(૫) રેકર્ડ જોતાં આરોપીને તા. ૧–૧૦–૧૭ ના રોજ બેલેબલ વોરંટ કાઢેલ છે, જે બેલેબલ વોરંટ તા.૨૬–૬–૨૫ સુધી ચાલુ રહેલ છે અને આરોપીને તા.૯–૭–૨૫ ના રોજ કસ્ટડીમાં લીધેલ છે. ત્યારબાદ તા. ૧૧–૭–૨૫ ના રોજ આરોપીને જામીન આપેલા છે. ત્યારબાદ તા.૩૧–૭–૨૫, ૨૧–૮–૨૫, ૬–૯–૨૫, ૧૮–૯–૨૫, ૨૫–૯–૨૫, ૩–૧૦–૨૫, ૧૩–૧૦–૨૫, ૩૦–૧૦–૨૫, ૧૦–૧૧–૨૫ ના રોજ આરોપી હાજર રહેલ નથી. ત્યારબાદ તા.૨ ૬–૧૧–૨૫ ના રોજ ઠરાવ જાહેર કરેલ છે.

(૬) રેકર્ડ જોતા ફરીયાદીની ઉલટ તપાસ આરોપી તરફે કરવામાં આવેલ નથી. જોકે, આરોપીને યોગ્ય તક આપેલ છે તેમ છતા આરોપી તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ નથી અને આરોપીના એફ.એસ. પણ લેવામાં આવેલ નથી કારણ કે, તા. ૧૩–૧૦–૨૫ ના રોજનું રોજકામ જોતા એફ.એસ.નો હકક બંધ કરવામાં આવેલ છે.

(૭) આ કામમાં બીજી હકીકત જોતા આરોપી લાંબા સમય સુધી ગેરહાજર રહેલ છે. આરોપીના વિ. વકીલશ્રીએ દલીલ કરેલ છે કે, ન્યાયના વિશાળ હિતમાં આરોપીને બચાવ કરવા માટે તક આપવી જરૂરી છે.

(૮) કોઈપણ ટ્રાયલનો હેતુ પક્ષકારો વચ્ચે ન્યાય કરવાનો હોય છે અને તે ન્યાય બંને પક્ષના યોગ્ય પુરાવાઓ આવે તે કોઈપણ ન્યાયીક પ્રક્રિયામાં હિતાવહ છે અને હાલના કેસમાં જે રીતે ઉલટ તપાસ થયેલ નથી અને તે સંજોગોમાં આરોપી પાસે એન.આઈ.એકટની કલમ-૧૩૯ નું ખંડન કરવા માટે જે ફરીયાદપક્ષ મૌખિક પુરાવો રજુ કરે તેની ઉલટ તપાસ કરીને અથવા તો ફરીયાદપક્ષના કેસમાં રહેલ ખામી દર્શાવીને કે સ્વતંત્ર પુરાવો આપી કરી શકે છે. અત્રે આરોપી તરફે ઉલટ તપાસ ફરીયાદીની થયેલ નથી. જોકે, તે આરોપીની કસુરના કારણે જ થયેલ નથી તેમ છતા ન્યાયના વિશાળ હિતમાં અને સબસ્ટન્શીયલ જસ્ટીશ માટે આરોપીને એક તક આપવી જરૂરી અને ન્યાયી જણાય છે તે સંજોગોમાં તથા જે રીતે આરોપીએ ડીલે કરેલ છે અને બહુ લાંબા સમય સુધી આરોપીને ટ્રાયલ કોર્ટમાં વોરંટ બજેલ નથી તે જોતા અને અત્રે પણ આરોપી અપીલ દાખલ થયા પછી મોટાભાગે હાજર રહેલ નથી અને આરોપી સામે વોરંટ કાઢવા છતા આરોપી આજરોજ પણ હાજર નથી તે સંજોગોમાં ફરીયાદીને યોગ્ય ખર્ચ અપાવી અને આરોપીની હાજરી ટ્રાયલ અદાલત સમક્ષ નીશ્ચીત કરવાનો હુકમ કરી આ કેસ રીમાન્ડ કરવો ન્યાયીક જણાય છે તે સંજોગોમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

<u>હુ ક મ</u>

(૧) વિવાદી/આરોપીની અપીલ મંજુર કરવામાં આવે છે.

(૨) વિદવાન ચીફ જયુ.મેજી., જુનાગઢનાએ ક્રિમીનલ કેસ ૨૬૮૮/૨૦૧૭ માં આરોપી મનોજ ટ્રેડીંગ કંપનીના નામની પેઢીના પ્રોપરાઈટર મનોજકુમાર સનાભાઈ પ્રજાપતિ, રહે. મકાન નં. ૮૬, સુર્યકેતુ ટાઉનશીપ સોસાયટી, નહેરૂ ચોકડી, મહાદેવ રોડ, (ઉ) મુ. દેહગામ, જિ. ગાંધીનગર નાઓને ક્રિ.પ્રો.કોડ ૧૯૭૩ ની કલમ-૨૫૫(૨) અન્વયે એન.આઈ. એકટની કલમ-૧૩૮ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી ૬ (છ) માસની સાદી કેદની સજા ભોગવવાનો અને દંડ ચુકવવાનો હુકમ **રદ** કરવામાં આવે છે અને આ કેસ રીમાન્ડ કરવામાં આવે છે અને નવેસરથી ચલાવવાનો એટલે કે આરોપીને ફરીયાદીની ઉલટ તપાસ

કરવાનો અને આરોપી ઈચ્છે તો વધુ પુરાવો રજુ કરવાનો અને ફરીયાદી પણ ઈચ્છે તો વધુ પુરાવો રજુ કરવાનો હકક આપી ફરીથી ગુણદોષ ઉપર યોગ્ય નિર્ણય કરવા માટે સદર કેસ ટ્રાયલ કોર્ટને રીમાન્ડ કરવામાં આવે છે.

(૩) ફરીયાદી તથા આરોપીએ ટ્રાયલ અદાલતમાં તા.૧૮/૦૪/૨૦૨૬ ના રોજ હાજર રહેવું અને તા. ૧૮/૦૪/૨૬ ના રોજ જ આરોપીએ ફરીયાદીની ઉલટ તપાસ કરવી. ત્યારબાદ ટ્રાયલ અદાલતે મુદત નકકી કરી આ કેસનો નિકાલ રોજબરોજ ધોરણે ચલાવી ૪ (ચાર) મહીનામાં પુરો કરવો અને ફરીયાદી અને આરોપી જો વધુ પુરાવો રજુ કરવા માગતા હોય તો રજુ કરી શકશે.

(૪) મુળ આરોપીએ મુળ ફરીયાદીને રુા.૨૦,૦૦૦/– (અંકે રુપિયા વીસ હજાર) ખર્ચ પેટે ચૂકવી આપવા માટે ટ્રાયલ અદાલતમાં તા. ૧૮–૦૪–૨૬ સુધીમાં જમા કરાવવાનો આદેશ કરવામાં આવે છે અને જો આ રકમ જમા કરાવવામાં આવે તો ટ્રાયલ અદાલતે ન્યાયીક હુકમ કરી ફરીયાદીને ચુકવી આપવી અને આ રકમ જમા કરાવેથી જ આરોપીને ફરીયાદીની ઉલટ તપાસ કરવાનો હકક મળશે અને જો, આ અંગે આરોપી આ રકમ જમા ન કરાવે તો ટ્રાયલ અદાલત કાયદા મુજબ ન્યાયીક કાર્યવાહીમાં આગળ વધી શકશે.

(૫) આરોપીની ગેરહાજરી ટ્રાયલ અદાલતમાં અને અત્રેની અદાલતમાં પણ આરોપી સામે વોરંટ કાઢવુ પડેલ હોય અને આરોપી આજરોજ પણ હાજર ન હોય આરોપી સામે પકડ વોરંટ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવે છે અને આરોપીને આ પકડ વોરંટની બજવણી કરી ટ્રાયલ અદાલતમાં રજુ કરવાનો આદેશ કરવામાં આવે છે અને જો આરોપીને પકડ વોરંટની બજવણી થાય અને આરોપીને જયુડી. કસ્ટડીમાં લેવામાં આવે તો, ટ્રાયલ અદાલત આરોપીને ટ્રાયલ દરમ્યાન જામીન ઉપર મુકત કરવા કે કેમ? તે અંગે ન્યાયીક નિર્ણય કરી શકશે.

(૬) આ હુકમની જાણ ટ્રાયલ અદાલતને કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૭) આર. એન્ડ પી. નીચેની અદાલતને મોકલી આપવું.

હુકમ:– આજરોજ તારીખ–૧૦મી, માહે. એપ્રિલ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૦/૦૪/૨૦૨૬
સ્થળ : જુનાગઢ

**(ભુપેન્દ્રકુમાર જી. દવે)**
**સેશન્સ જજ,**
**ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, જુનાગઢ.**
**(કોડ નં. જી.જે૦૦૪૬૯)**